## સંક્ષિપ્ત સમાચાર

### ઉમરાની બી.આર.ઉમરાકર વિનય મંદિરમાં બોર્ડના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ



સલીમ દિવાન

ભોરિયા: અંબિકા તાલુકાની બી.આર. ઉમરાકર વિનય મંદિર, ઉમરા શાળામાં ધો.૧૦ અને ૧૨ના ૯૭ વિદ્યાર્થી માટે વિદાય અને શુભેચ્છા કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. આ પ્રસંગે શાળાના પ્રમુખ નરેશકુમાર ત્રિવેદી, મંત્રી દીપકભાઈ પટેલ, સહમંત્રી ઇચ્છુભાઈ પટેલ તેમજ અગ્રણીઓ બદ્રીભાઈ અને નવનીતભાઈ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને શુકનભેટ અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા. આચાર્ય પ્રણયસિંહ પરમારે પ્રાસંગિક ઉદબોધનમાં શ્રેષ્ઠ પરિણામ માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સંસ્થાના હોદ્દેદારો અને આયુષ્માન આરોગ્ય કેન્દ્ર તરફથી ૪૦૦ બોલપેન તથા શાળા સ્ટાફ તરફથી શૈક્ષણિક કિટ અર્પણ કરવામાં આવી હતી. અંતમાં, તમામ વિદ્યાર્થીઓને તિલક કરી અને મોં મીઠું કરાવી લાગણીભરી વિદાય આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રીતિબેન ચૌધરીએ કર્યું હતું.

### રાજપીપળામાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ દ્વારા ‘હોળી રસિયા’ ઉત્સવ



દીપલ સોની

રાજપીપળા: રાજપીપળામાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મહિલાઓ કૃષ્ણ ભક્તિના રંગે રંગાઈ છે. ધાર્મિક માન્યતા અનુસાર, ભગવાન શ્રીકૃષ્ણે સખીઓ સાથે 40 દિવસ સુધી હોળી રમી હતી, જેની સ્મૃતિમાં વસંત પંચમીથી ફાગણ સુદ પૂનમ સુધી અહીં ભક્તિભાવપૂર્વક હોળી મનાવવામાં આવે છે. હાલના સમયમાં કેમિકલયુક્ત રંગોના સ્થાને પર્યાવરણની જાળવણી કાજે વૈષ્ણવ બહેનો માત્ર ગુલાબની પાંદડીઓ અને અબીલ-ગુલાલનો ઉપયોગ કરી ‘ઇકો-ફ્રેન્ડલી’ હોળી રમી રહી છે. મહિલાઓ એકત્ર થઈ કૃષ્ણ ભક્તિમાં લીન થઈ મધુર ‘રસિયા’ અને ફાગણના ગીતો ગાઈ રહી છે. આ ઉત્સવનો સમાપન 41મા દિવસે ભવ્ય ‘ડોલોત્સવ’ સાથે થશે.

### વટારિયાની ગણેશ સુગર ખાતે ડિરેક્ટરનું અવસાન થતાં પ્રાર્થનાસભા યોજાઈ



ભરૂચ: વટારિયાની ગણેશ સુગર ફેક્ટરીમાં કસ્ટોડિયન કમિટી સભ્ય અને અંકલેશ્વર નગરપાલિકાના કારોબારી ચેરમેન નિલેશભાઈ રમણભાઈ પટેલના દુ:ખદ અવસાન થતાં બુધવારે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સુગરના કસ્ટોડિયન ચેરમેન મહેન્દ્રસિંહ મહીડા સહિત ડિરેક્ટરો પૈકી જિતેન્દ્રસિંહ યાદવ, હરેન્દ્રસિંહ ખેર, કિરણભાઈ પટેલ અને જયદીપસિંહ પરમાર તેમજ ઇનચાર્જ મેનેજિંગ ડિરેક્ટર અમરસિંહ રણા સહિત સંસ્થાના કર્મચારીઓએ પ્રાર્થના સભા રાખી હતી. મહેન્દ્રસિંહ મહીડાએ જણાવ્યું હતું કે, નિલેશભાઈના અવસાનથી સંસ્થાને ન પૂરી શકાય તેવી નેતૃત્વની ખોટ પડી છે અને તેમનો હસમુખો સ્વભાવ સૌનાં હૃદયમાં હંમેશાં યાદ રહેશે.

### ખરચમાં પુત્રવધૂએ કાકા સસરાના ઘરે ચોરી કરી!

ભરૂચ: ભરૂચના હાંસોટના ખરચ ગામે દાદરી ફળિયામાં કાકા સસરા જેઠીયાભાઈ વસાવાના ઘરે આવેલી નિવેદિતા વસાવા નામની પુત્રવધૂએ રૂ. 2.70 લાખના સોના-ચાંદીના ઘરેણાંની ચોરી કરી હતી. ચોરીના પૈસાથી મહિલાએ ત્રણ આઈફોન, સોફા અને ફ્રીજની ખરીદી કરતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. ભોગ બનનાર જેઠિયાભાઈની ફરિયાદના આધારે હાંસોટ પોલીસે ગુનો નોંધી આરોપી મહિલાની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યાં છે.

### પલસાણામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં વાયરની ચોરીનો ભેદ ઉકેલાયો: બેની અટકાયત

પલસાણા: પલસાણામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટના સ્થળ પરથી 36,124ની કિંમતના ૭૭૯.૫ મીટર લાંબા વાયરની ચોરી કરનાર બે બિહારી શખ્સોને કડોદરા GIDC પોલીસે ઝડપી પાડ્યા છે. સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સોર્સની મદદથી પોલીસે ગણતરીના દિવસોમાં જ આ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. પકડાયેલા આરોપીઓ મહમંદ દાનીશ અને અલીહુસેન શેખ વિરુદ્ધ ગુનો નોંધી ચોરીનો તમામ મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પકડાયેલા બંને આરોપીઓ મૂળ બિહારના વતની છે અને હાલ નિયોલ ગામની હંસ રેસિડેન્સીમાં રહીને ઈલેક્ટ્રિકલનું કામ કરે છે

### ધમોડી ગામે દારૂના અડ્ડા પર દરોડો

સોનગઢ: સોનગઢ પોલીસ સ્ટેશનના સ્ટાફે બાતમીના આધારે ધમોડીના ડુંગરી ફળિયામાં આવેલા એક પતરાવાળા મકાનમાં દરોડો પાડ્યો હતો. ખેતરમાં આવેલા આ મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી હિતેશભાઈ જમુભાઈ ચૌધરી (રહે.,ખડકા ચીખલી)ને ઝડપી પાડ્યો હતો, જ્યારે હેમંતભાઈ જમુભાઈ ચૌધરી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે 51 બોટલ દારૂ કિંમત અંદાજે 16,100 જપ્ત કરી હતી. પોલીસે બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ગ્રાસિમ ઇન્ડસ્ટ્રિઝ દ્વારા 225 વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ વિતરણ કરાયું



ભરૂચ: ગ્રાસીમ ઇન્ડસ્ટ્રિઝ લિમિટેડ વિલાયતના સીએસઆર વિભાગ દ્વારા દેરોલ ખાતે “આદિત્ય બિરલા શિક્ષા જ્યોતિ” કાર્યક્રમ અંતર્ગત 19 પ્રાથમિક અને 4 માધ્યમિક શાળાના કુલ 225 જેટલા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્ત આપવામાં આવી હતી. આ પ્રસંગે સીએસઆર વિભાગના સંચાલક હેમરાજ પટેલ, માનવ સંસાધન વિભાગના વડા રેણુ માથુર, વ્યવસ્થાપન વિભાગના વડા ઘનશ્યામજી, ઇપોક્સી વિભાગના યુનિટ હેડ રાકેશ ચોકસી, સીએસઆર ટીમના સભ્ય ઈરસાદભાઈ, દિલાવરભાઈ, રણજીતસિંહ ડાભી, ઇકબાલભાઈ, અશ્વિનભાઈ તેમજ 300થી વધુ વિદ્યાર્થી શિક્ષક ભાઈ-બહેનો સાથે ઉત્સાહપૂર્વક હાજર રહ્યાં હતાં. ગ્રાસિમ ફાઇબર વિભાગના એચઆર વડા નિમેશ જાદવ અને યુનિટ હેડ રામકુમાર શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

### ડેડિયાપાડાના મોરજડી ગામમાં વનરક્ષક પર હુમલાની ઘટનામાં પોલીસ ફરિયાદ

ડેડિયાપાડા: મોરજડી ગામે પેટ્રોલિંગ દરમિયાન ગેરકાયદે લાકડાં ભરેલી પિકઅપ ગાડી નં.(GJ-22-U-3122) રોકતાં બે વનરક્ષકો પર હુમલો થતા ચકચાર મચી છે. બીટ ગાર્ડ પંકેશભાઈ રાઠવા અને મોહીલકુમાર રાઠોડે બાતમીના આધારે વાહન તપાસવા પ્રયાસ કરતાં ચાલક સહિત ચાર ઈસમે તેમની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. હુમલાખોરોએ વન રક્ષકોને જાનથી મારી નાંખવાની ધમકી આપી, લાકડીઓ અને ઢીકાપાટુ વડે હુમલો કર્યો હતો. આ હિંસક ઘટનામાં બંને કર્મચારીને શરીરે અને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. હુમલો કરી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ અંગે ડેડિયાપાડા પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા તજવીજ હાથ ધરી છે.

## નર્મદા જિલ્લામાં માવઠાની સહાયમાં છેતરપિંડી અંગે વડાપ્રધાનને રજૂઆત

**સરકારી** ફોર્મમાં ખોટી સહીઓ કરી, અસલ લાભાર્થીઓના બદલે અન્ય રીતે નાણાં હડપ કરાયાનો આક્ષેપ

રાજપીપળા: વાતાવરણમાં આવતા પરિવર્તનને કારણે ખેતીનો વ્યવસાય હવે પડકારજનક બની રહ્યો છે. ત્યારે સરકારી સહાયના અભાવે ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે. નર્મદા જિલ્લામાં પણ કમોસમી વરસાદને કારણે ખેડૂતોને નુકસાન વેઠવું પડ્યું હતું. આ મામલે રાજપીપળાના બાવાગોર ટેકરી ખાતે રહેતા જાગૃત નાગરિક અને અરજદાર સરફરાજ ઉસ્માન મલેક દ્વારા કમોસમી વરસાદની સહાયમાં થયેલી ગેરરીતિ બાબતે હવે સીધી વડાપ્રધાન કાર્યાલયમાં લેખિત રજૂઆત કરવાની ફરજ પડી છે. સ્થાનિક સ્તરે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતાં આખરે મામલો દિલ્હી સુધી પહોંચ્યો છે.

અરજદારના જણાવ્યા અનુસાર સરકાર દ્વારા કમોસમી વરસાદથી થયેલા નુકસાનના વળતર પેટે ખેડૂતોને જે સહાય આપવામાં આવી છે, તેમાં મોટા પાયે છેતરપિંડી આચરવામાં આવી છે.

સરકારી ફોર્મમાં ખોટી સહીઓ કરી, અસલ લાભાર્થીઓના બદલે અન્ય રીતે નાણાં હડપ કરી સરકાર સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. સરફરાજના આક્ષેપ મુજબ સંયુક્ત માલિકીની જમીન છે. છતાં ઝરીના હુસેન મલેક, ઈમરાન મલિકને લાભ મળ્યો છે.

સરફરાજ મલેકે આ ભ્રષ્ટાચાર મામલે ગત ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ રાજપીપળાના તાલુકા વિકાસ અધિકારી તેમજ જિલ્લા વિકાસ અધિકારીને પુરાવા સાથે લેખિત અરજી આપી હતી. જો કે, અરજી આપ્યાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં આજદિન સુધી જવાબદાર અધિકારીઓ દ્વારા તપાસના નામે માત્ર ‘મીંડું’ હોવાનો આક્ષેપ થયો છે. સ્થાનિક વહીવટી તંત્રની આ ઢીલી નીતિ અને ઉદાસીનતા સામે અરજદારમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક સ્તરે ન્યાય ન મળતા અરજદારે આખરે વડાપ્રધાનને પત્ર લખીને આ સમગ્ર કૌભાંડની તટસ્થ તપાસ કરવાની માંગ કરી છે. ખોટી સહીઓ કરનાર અને આ છેતરપિંડીમાં સામેલ તમામ કસૂરવારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી છે. હવે જોવાનું એ રહેશે કે વડાપ્રધાન કાર્યાલયની દખલ બાદ નર્મદા જિલ્લાનું વહીવટી તંત્ર આ બાબતે કેટલી ઝડપી કાર્યવાહી કરે છે.

## આખરે પાલોદ પોલીસ ચોકીને પોલીસ સ્ટેશનનો દરજ્જો મળ્યો

**પાલોદ** પોલીસ મથક કાર્યરત થશે તો કોસંબાથી થતો કારભાર બંધ થશે

**PI સહિતનો** સ્ટાફ મુકાતાં ગુનાખોરી પર અંકુશ આવશે




ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા પોલીસ મથકની હદમાં વર્ષોથી પોલીસ ચોકી તરીકે કાર્યરત પાલોદ પોલીસ ચોકીને આખરે પૂર્ણ કક્ષાના પોલીસ સ્ટેશનનો દરજ્જો આપવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. પીપોદરા GIDC સહિત નવાપરા, મોટા બોરસરા, લીંડિયાત અને મોટી નરોલી જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં 3000થી વધુ ફેક્ટરીઓ અને આસપાસનાં 13 ગામની સુરક્ષાની જવાબદારી આ ચોકી હસ્તક હોવા છતાં, કોઈ ગંભીર ગુનો બને ત્યારે 17 કિમી દૂર કોસંબાથી પોલીસ કાફલાને આવવું પડતું હતું. જો કે, પાલોદ પોલીસ સ્ટેશન માટે મંજૂરી ઘણા સમય પહેલા મળી ગઈ હતી, પરંતુ વહીવટી કારણોસર આ કામ વિલંબમાં પડ્યું હતું. તાજેતરમાં પીપોદરામાં મહિલા પર જીવલેણ હુમલો કરી લૂંટની ઘટના અને ત્યારબાદ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા વાલેસા અને પીપોદરા GIDCમાં પાડવામાં આવેલી દારૂની મોટી રેડને પગલે સમગ્ર પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. SMCની આ કાર્યવાહીમાં લાખોનો મુદ્દામાલ જપ્ત થવાની સાથે અગાઉ કોસંબા PI અને પાલોદ PSI સહિતના 6 કર્મચારી સસ્પેન્ડ પણ થયા હતા.

હાલ પાલોદ પોલીસ ચોકી ખાતે રંગરોગાન અને સાફસફાઈની કામગીરી પૂરજોશમાં શરૂ કરી દેવાઈ છે. જો પાલોદ પોલીસ મથક કાર્યરત થશે તો કોસંબાથી થતો કારભાર બંધ થશે અને અહીં કાયમી PI સહિતનો સ્ટાફ મુકાતાં ગુનાખોરી પર અંકુશ મેળવવામાં સફળતા મળશે તેવી ચર્ચા સ્થાનિક જનતા અને પોલીસ આલમમાં જોવા મળી રહી છે.

### વહીવટી મુશ્કેલીઓનો અંત આવશે

પાલોદ પોલીસ ચોકીના હદ વિસ્તારમાં વારંવાર પડતી સ્ટેટ મોનિટરિંગ સેલની રેડ સ્થાનિક પોલીસ કર્મચારીઓ માટે મુસીબત સાબિત થઈ રહી છે. અગાઉ SMCની રેડને કારણે કોસંબા પોલીસ સ્ટેશનના અધિકારીઓ સસ્પેન્ડ થતા પોલીસ મથકમાં મહત્ત્વની જગ્યાઓ ખાલી પડી ગઈ હતી. આટલા વિશાળ અને સંવેદનશીલ વિસ્તારની સરખામણીએ અહીં પોલીસ સ્ટાફની ભારે અછત વર્તાઈ રહી છે. વધુમાં, અહીં પી.આઇ.ને બદલે પી.એસ.આઇ. કાર્યરત હોવાથી કોઈપણ ગંભીર ગુનાહિત બાબતે નિર્ણય લેવા માટે છેક કોસંબા પોલીસ સ્ટેશન સુધી આધાર રાખવો પડે છે. કોઈ આરોપી પકડાય તો તેને પણ તપાસ અર્થે કોસંબા પોલીસ મથક સુધી લઈ જવો પડે છે. જો વિસ્તારમાં કોઈ અઘટિત ઘટના બને તો છેક કોસંબાથી પી.આઈ. સહિતનો કાફલો આવે ત્યાં સુધીમાં કીમતી સમય વેડફાઈ જતો હોય છે. હવે પાલોદ પોલીસ ચોકીને પૂર્ણ પોલીસ મથકનો દરજ્જો મળતા આ તમામ વહીવટી અવરોધો દૂર થશે અને કાયદો-વ્યવસ્થા વધુ મજબૂત બનશે.

## અંકલેશ્વરમાં રૂ.39.81 લાખની વીજચોરી

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરના વિવિધ વિસ્તારોમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (ડીજીવીસીએલ) દ્વારા સઘન વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. બે હજાર જેટલા વીજ કનેક્શન ચેક કરતાં 43 વીજ જોડાણમાં ગેરરીતિ અને વીજ ચોરીના બનાવો ઝડપાયા હતા. કંપની દ્વારા નવી નગરી, ઉન્નતિ નગર, ગુજરાત હાઉસિંગ બોર્ડ, મુલ્લાવાડ, કસ્બાતીવાડ સહિતના વિસ્તારોમાં કુલ 45 જેટલી ટીમો પોલીસ બંદોબસ્ત સાથે ચેકિંગ માટે ઉતારવામાં આવી હતી. ટીમોએ આશરે 2000 જેટલા વીજ કનેક્શનની તપાસ હાથ ધરી હતી. ચેકિંગ દરમિયાન 43 વીજ જોડાણોમાં વીજ ચોરીના કેસો સામે આવતાં સંબંધિત ગ્રાહકોને કુલ રૂ.39.81 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ કામગીરી દરમિયાન ડીજીવીસીએલના એક્ઝિક્યુટિવ એન્જિનિયર સહિતનો સ્ટાફ હાજર રહ્યો હતો. વીજ કંપનીએ આગળ પણ આવાં ચેકિંગ અભિયાન ચાલુ રાખવાની સૂચના આપી છે અને ગ્રાહકોને કાયદેસર રીતે વીજ વપરાશ કરવા અપીલ કરી છે.

### અંકલેશ્વરની રૂસન ફાર્મા કંપનીમાં કર્મચારીના રાજીનામાને લઈ વિવાદ

ભરૂચ, અંકલેશ્વર: અંકલેશ્વર GIDCની હેક્સ ચોકડી સ્થિત રૂસન ફાર્મા કંપનીમાં 20 વર્ષથી ફિટર તરીકે ફરજ બજાવતા મુકેશ સિંહને શંકાના આધારે નોકરીમાંથી કાઢી મુકાતાં વિવાદ સર્જાયો છે. કંપની મેનેજમેન્ટે આક્ષેપ કર્યો હતો કે મુકેશ સિંહે કંપની દ્વારા વરસાદી કાંસમાં છોડાતા કેમિકલયુક્ત પાણી અંગે SOGને બાતમી આપી હતી. આ શંકાના આધારે યુનિટ હેડ દ્વારા કર્મચારીને 3 કલાક ગોંધી રાખી દબાણપૂર્વક રાજીનામું લખાવી લેવાયાનો આક્ષેપ થયો છે. આ ઘટનાની જાણ થતાં જ કરણી સેનાના પ્રદેશ ઉપાધ્યક્ષ ભગતસિંહ ડોડિયા કાર્યકરો સાથે કંપનીએ દોડી આવ્યા હતા. તેમણે મેનેજમેન્ટ સામે હલ્લાબોલ કરી સવાલ ઉઠાવ્યો હતો કે જો કોઈ ગેરરીતિ થઈ હોય તો કાર્યવાહી કરવાને બદલે કર્મચારીને નિશાન કેમ બનાવાયો? કરણી સેનાએ મુકેશ સિંહને પરત નોકરી પર લેવા માંગ કરી છે.

## ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટના નામે 1 કરોડની ઠગાઈમાં એક ઝડપાયો

**સુરતના** ભેજાબાજ ઉત્સવ ભેસાણીયાને સાઇબર ક્રાઇમે દબોચી લીધો



ભરૂચ: ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ગુનામાં પૈસા કમાવવાની લાલચ આપીને કુલ રૂપિયા 1,09,85,570ની છેતરપિંડી કરવા બદલ સુરતના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ફરિયાદીને ટેલિગ્રામ અને વોટ્સએપ પર ગુરનીત રંધાવા નામની અજાણી વ્યક્તિ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો. આરોપીએ ફરિયાદીને Lotteebay પ્લેટફોર્મ પર ઓનલાઈન એકાઉન્ટ ખોલાવી, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું ઓનલાઈન વેચાણ કરી વધુ નફો કમાવવાની લાલચ આપી હતી. આ લાલચમાં આવીને ફરિયાદીએ અલગ-અલગ સમયે 2 UPI ID અને 10 બેંક એકાઉન્ટમાં કુલ રૂપિયા 1,10,25,500 જમા કરાવ્યા હતા. આરોપીઓએ વિશ્વાસ જીતવા માટે શરૂઆતમાં રૂ.4,930 અને ત્યારબાદ 35,000 મળીને કુલ રૂપિયા 39,930 પરત કર્યા હતા, પરંતુ બાકીની 1,09,85,570 રૂપિયાની માતબર રકમ પરત ન કરી છેતરપિંડી આચરી હતી. આ કેસની તપાસ દરમિયાન પોલીસે અગાઉ દિવ્યેશ, કિશન, પ્રશાંત અને ઋષપ નામના ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. જૂનાગઢથી પકડાયેલા આરોપી ઋષપની પૂછપરછમાં અન્ય આરોપી સુરતના ઉત્સવભાઈ ચંદુભાઈ ભેસાણીયાનું નામ ખૂલ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું કે, આરોપી ઉત્સવ ભેસાણીયા આ ગુનામાં બેંક એકાઉન્ટ મેળવવાની પ્રોસેસનું કામ કરતો હતો અને તેણે ઋષપના નામે ઈન્ડસઈન્ડ બેંકની વાપી બ્રાન્ચમાં કરન્ટ એકાઉન્ટ ખોલાવી આપ્યું હતું. આ બેંક એકાઉન્ટમાં 17/07/2025 થી 29/10/2025 દરમિયાન કુલ રૂ.2,40,36,304ના નાણાકીય વ્યવહારો થયા હતા, જેમાં ફરિયાદીના કુલ રૂ.19,00,000 પણ જમા થયા હતા. ઉત્સવ ભેસાણીયા વિરુદ્ધ અગાઉ ગીર સોમનાથ, ચલાલા, પોરબંદર તેમજ મહારાષ્ટ્ર અને સુરતમાં પણ ગુના નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

## સાયણમાં ચાવાળાએ સાડા ત્રણ વર્ષની બાળકીને અડપલાં કર્યાં

**ઉત્તરપ્રદેશના** નરાધમ શખ્સની અટકાયત

સાયણ: સાયણ સુગર રોડ ઉપર આવેલા એક એપાર્ટમેન્ટમાં પરપ્રાંતીય મુસ્લિમ પરિવાર રહે છે. આ પરિવારને ૩ વર્ષ ૮ માસની એક માસૂમ બાળકી છે. જે બાળકી સિવાણ રોડ ઉપર આવેલો એક ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના નર્સરી વિભાગમાં અભ્યાસ કરે છે. આ બાળકીને તેની માતાએ ગત મંગળવાર, તા.૨૪ના રોજ બપોરે ૧૧ વાગ્યાના સુમારે તેના રેસિડેન્સીના એપાર્ટમેન્ટની નીચે આવેલી એક કરિયાણાની દુકાને કપડાં ધોવાનો પાઉડર લેવા માટે મોકલી હતી. બાળકી પાઉડર લઈને ઘરે પરત જઈ રહી હતી, ત્યારે આ એપાર્ટમેન્ટની સામે ચાની લારી ચલાવતો મૂળ ઉત્તરપ્રદેશના નરાધમ શખ્સ સૂરજ રમાશંકર મૌર્ય (હાલ રહે., સાયણ ટાઉન, આદર્શનગર સોસાયટી-૨)એ આ બાળકીને ચોકલેટની લાલચ આપી પોતાની ચાની કેબિન પાસે બોલાવી હતી. બાદ વાસનાભૂખ્યા શખ્સે માસૂમ બાળકીને પોતાના ખોળામાં બેસાડી તેણીની છાંતી તેમજ ગુપ્ત ભાગે હાથ ફેરવ્યો હતો. આથી ગભરાઈ ગયેલી બાળકીએ આ ઘટનાની જાણ તેની માતાને કરતાં તેણીએ આ શખ્સ વિરુદ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે ઓલપાડ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેની અટકાયત કરી છે. પોલીસે ભોગ બનનાર માસૂમ બાળકીનો કબજો લઈ હોસ્પિટલમાં મેડિકલ પરીક્ષણ કરાવવાની તજવીજ હાથ ધરી વધુ તપાસ પીએસઆઈ એસ.એન.ચૌધરી કરી રહ્યાં છે.

## ઉમરાહ માટે 57 લોકો પાસેથી રૂ.34 લાખ લઈ એજન્ટ રફુચક્કર

**આણંદના** ભાલેજના ભેજાબાજ સામે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ

કામરેજ: આંબોલી ગામે શક્તિનગરમાં ઈમરાન મહેમુદ શેખ રહીને મસ્જિદમાં નમાઝ પઢે છે. ગત તા.19-7-23ના રોજ અનિશ અબુબકર વિરાણી (રહે., એ-06, અલરહમાન રેસિડન્સી, ભાલેજ રોડ, આણંદ) સાથે આંબોલી ખાતે મુલાકાત થઈ હતી. જે અલફલાહ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના નામથી હજ ઉમરાહ કરાવે છે. ગત તા.23-8-24ના રોજ ઈમરાન ઉમરાહ કરવા માટે ગયો હતો. જેને લઈ અનિશ પર વિશ્વાસ આવતાં ઉમરાહ કરવા માટે બધાને ઈમરાન મોકલતો હતો. બાદ અનિશે ઈમરાનને પોતાના વિસ્તારમાં અલફલાહ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફિસ ચાલુ કરાવી હતી. ચાર મહિનામાં અલગ અલગ 57 લોકોને ઉમરાહ કરવા માટે બુકિંગ કરાવ્યું હતું, જેમાં અમુકને એક વ્યકિત દીઠ રૂ.55786 અને રૂ.65786 નક્કી કરવામાં આવ્યું હતું. તમામના રૂ.34,55,016 અનીશ વિરાણીને રોકડા, આર.ટી.જી.એસ. તેમજ બેંકમાં જમા કરાવ્યા હતા. બધાના રૂપિયા ભરેલાની રસીદ પણ આપી હતી.

ઉમરાહ કરવા માટે નવેમ્બર-2025ની 25થી 30 તારીખ લઈ જવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તે અનુકૂળ ન થતાં આખરે 10-12-25ના રોજ તારીખ આપવામાં આવી હતી. બાદ ઉમરાહ કરવાનું મોંઘું થઈ ગયું છે તેમ કહીને નવી તા.6-7 જાન્યુઆરી આપી હતી. બાદ અનીશને ફોન કરતાં બંધ આવતાં છેતરપિંડી થઈ હોવાનું જણાતાં કામરેજ પોલીસે મથકમાં અનીશ સામે ફરિયાદ નોંધાવી હતી.

### ‘વોટ કાપો અને રાજ કરો’ની નીતિ: આમોદ કોંગ્રેસનો વિરોધ



આમોદ, ભરૂચ: ભાજપના હોદ્દેદારો દ્વારા નિર્દોષ નાગરિકો અને વિરોધ પક્ષના સમર્થકોનાં નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસે મંગળવારે આમોદ પોલીસ મથકે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. “લોકશાહી બચાવો” અને “વોટ ચોર ગદ્દી છોડ” જેવા ગગનભેદી સૂત્રોચ્ચારો સાથે કોંગ્રેસના કાર્યકરોએ વાતાવરણ ગજવી દીધું હતું. આ વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના આગેવાનોએ પોલીસ ઈન્સ્પેક્ટર રાજેન્દ્ર કરમટિયાને અંદાજે 200 જેટલાં ઈલેક્શન કમિશન દ્વારા પીડિત લોકોની લેખિત અરજીઓ સોંપી હતી અને જવાબદારો સામે તાત્કાલિક FIR નોંધવાની માંગ કરી હતી.

## કોસંબા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૨ના શૌચાલયનાં તાળાં ખૂલ્યાં

**અખબારી** અહેવાલ અને લોકદબાણ બાદ તંત્ર જાગ્યું



ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.2 પર આવેલા શૌચાલયને રેલવેના નિષ્ક્રિય અધિકારીઓએ તાળાં મારી દેતાં રોજિંદા મુસાફરો ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. આ ઘટના અંગે ગુજરાતમિત્રમાં અહેવાલ પ્રસિદ્ધ થતા જ તંત્ર દોડતું થયું હતું અને શૌચાલયનાં તાળાં ખોલી દેવામાં આવ્યાં હતાં.

કોસંબા રેલવે સ્ટેશનથી મુંબઈ, દિલ્હી, અમદાવાદ અને અન્ય મુખ્ય શહેરોમાં હજારો મુસાફરો નોકરી-ધંધાર્થે મુસાફરી કરે છે અને ટ્રેનની રાહ જોવા માટે સ્ટેશન પર રોકાતા હોય છે. પ્લેટફોર્મ નં.2 પરનું શૌચાલય છેલ્લા કેટલાક સમયથી બંધ હોવાને કારણે મુસાફરોને, ખાસ કરીને મહિલાઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ બાબતે ભારે હોબાળો મચતાં તરસાડીના જાગૃત નાગરિક અને રેલવે સલાહકાર સમિતિના સભ્ય બળવંતભાઈ ઈશ્વરભાઈ પંચાલે ઉચ્ચ કક્ષાએ લેખિત ફરિયાદ કરી હતી. મીડિયામાં અહેવાલ પ્રસિદ્ધ થતા જ અધિકારીઓને પોતાની ફરજનું ભાન થયું હતું અને જવાબદારોએ તાત્કાલિક શૌચાલયનાં તાળાં ખોલાવ્યાં હતાં. શૌચાલય શરૂ થતાની સાથે જ સફાઈ કોન્ટ્રાક્ટરે પણ સ્થળ પર સફાઈ કામગીરી પૂર્ણ કરી હતી. લાંબા સમયથી બંધ રહેલું શૌચાલય ફરી કાર્યરત થતાં મુસાફરોમાં રાહતની લાગણી જોવા મળી હતી.

### સામરપાડામાં અજાણ્યાઓએ શિક્ષકની બાઈકમાં આગ ચાંપી દીધી

રાજપીપળા: સામરપાડામાં અજાણ્યાઓએ શિક્ષક બાઈકમાં આગ ચાંપી દેતાં ફરિયાદ થઈ હતી. ડેડિયાપાડાના સામરપાડા (થપાવી) ખાતે રહેતા શિક્ષક અજયભાઈ નરસિંહભાઈ વાળાની હોન્ડા સાઈન મોટરસાઈકલ (GJ-16-DR-8676) ગત ૨૧ ફેબ્રુઆરીએ રાત્રે તેમના રહેણાક ક્વાટર્સ પાસે પાર્ક કરેલી હતી. રાત્રિના સમયે કોઈ અજાણ્યા શખ્સે આ બાઈકને ક્વાટર્સથી થોડે દૂર લઈ જઈ, નુકસાન કરવાના ઈરાદે તેને આગ ચાંપી સળગાવી દીધી હતી. આ બનાવ અંગે અજયભાઈએ ફરિયાદ નોંધાવતાં ડેડિયાપાડા પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. પોલીસે આ કૃત્ય પાછળનાં કારણો અને સંડોવાયેલા ઈસમોની શોધખોળ શરૂ કરી છે.

## વ્યારામાં આંગણવાડી કર્મચારીઓનું આવેદન

વ્યારા: ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘ દ્વારા ગતરોજ વિવિધ માંગણીઓ સાથે રાજ્યના મુખ્યમંત્રી સહિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધીને તાપી જિલ્લા અધિક કલેક્ટર આર.આર.બોરડને લેખિત રજૂઆત કરવામાં આવી હતી અને ICDS વિભાગના આંગણવાડી કર્મચારી સાથે થતાં શોષણયુક્ત વ્યવહાર અને 6 સેવાઓ સિવાયની કામગીરીને લઈને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં આંગણવાડી કર્મચારીઓને ઓનલાઈન કામગીરીમાં પડતી મુશ્કેલીઓ અગવડતા સહિત સ્ટેટ લેવલના અધિકારીઓ દ્વારા આંગણવાડી કર્મચારી પર કામગીરી મુદ્દે દબાણ સહિત ખુલ્લેઆમ ધાક ધમકી આપવા સહિતના અલગ અલગ સાત જેટલા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે રજૂઆત કરવામાં આવી હતી. બીજી બાજુ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારી સંઘ દ્વારા પણ કેન્દ્ર સરકારની પોષણ શક્તિ નિર્માણ યોજના અને રાજ્ય સરકારની મુખ્યમંત્રી અલ્પાહાર યોજનાના માનદ સેવકોના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે તાપી જિલ્લા કલેક્ટર મારફતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને 7 મુદ્દે ઉકેલ માટે રજૂઆત કરી હતી.


**જાહેર હરાજી**

વડોલી પ્રાથમિક શાળા તાલુકા માંગરોળ જિ. સુરતનો જર્જરિત ગેટ નંગ-૧ (દરવાજા સિવાય) સંપુર્ણ પણે તોડીને કાટમાળ લઇ જવાની જાહેર હરાજી તા. ૨૮/૨/૨૬ના શનિવારે સવારે ૧૧:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. જે માટે ડીપોઝીટ પેટે ૨૦૦૦ રૂા. સાથે આઇ.ડી. પ્રુફની નકલ હરાજી પહેલા સ્થળ પર જમા કરાવનાર હરાજીમાં લાભ લઇ શકશે.

મુખ્ય શિક્ષકશ્રી

પ્રા. શા. વડોલી, તા. માંગરોળ, જિ. સુરત. 8734902116



Milano MULTIPLEX

બારડોલી

Lagan Laagii Re-Gujarati
06:00pm,9.30pm

Mardaani 3
10:30am, 12:00pm,
03:00pm,07:00pm, 10:00pm

Border 2
01:00pm, 05:30pm, 09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333